PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/કવા–૦૪/૧૬–૧૭/ ૧૭૨૬ તા. ૦૨/૦૩/૧૭

રજી. એ.ડી પત્ર

**પ્રતિ,**
**હુશેનભાઈ આહમદભાઈ ભાભા,**
**હળફલ ભાભા એન્ડ સન્સ, સહયોગ ચેમ્બર્સ,**
**જે.ડી.સી.સી. બેંક બીલ્ડીગ, દુકાન નં.–૬**
**કોર્ટ સામે, સેક્રેટરીએટ રોડ,**
**તા. માંગરોળ,**
**જી. જુનાગઢ**
**મોઃ ૯૮૨૪૨ ૬૨૩૨૨**

**વિષય :–મેન્ટેનન્સ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૩૦–૦૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૩૬/કવા–૦૪/૧૬–૧૭ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩ )**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૬/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૨૮–૦૨–૧૭ | સ્થળ :પોરબંદર |
|---|---|---|

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :
અરજદાર (ફરીયાદી) : નામ: હુશેનભાઈ આહમદભાઈ ભાભા, ગામ: માંગરોલ,
રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :
પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, માંગરોળ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ)
રજુઆત કરનાર :એચ.એન.શાહ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ,માંગરોલ,

## : હુકમ :

ફરીયાદ : મેન્ટેનન્સ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના નવા કોટડા ગામ ખાતે આવેલ – નારીયેરી – ખેતીવાડી બગીચા વિસ્તાર મા, હૈયાત રહેલ એવી વિરપુર જયોતીગ્રામ ફીડર ની વીજલાઈન ના ખુલ્લા તાર – જે તેઓ શ્રી ના બગીચા ના વૃક્ષોને સતત અડકેલ છે. આવા કારણોસર અકસ્માત નો સતત ભય રહે છે. જેથી, સદર વીજલાઈન ના થાંભલાઓ, જ તેના બગીચા ની પાછળ આવેલ નદી તરફ ના રોડ તરફ ખસેડવા, અથવા તો હૈયાત વીજલાઈન ના હૈયાત ખુલ્લા તાર ને બદલે – થ્રી ફેઇજ કેબલ નાખવા માટે – તેઓએ પીજીવીસીએલ ની સબંધક એવી – પેટા વિભાગીય કચેરી / વિભાગીય કચેરી / તેમજ સક્ષમ કક્ષાની– જુદી જુદી કચેરી મા, (૧) તા.૨૩–૦૬–૧૪ (૨) તા.૨૧–૦૮–૧૪ (૩) તા.૦૫–૦૨–૧૫ (૪) તા.૧૫–૧૦–૧૫ (૫) તા.૦૪–૦૧–૧૭ (૬) તા.૦૫–૦૧–૧૭ ના રોજ વારંવાર લેખીત અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી કોઈ અરજી કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના કોટડા ગામ ખાતે આવેલ – નાળીયેરી – ખેતીવાડી બગીચા વિસ્તાર મા, હૈયાત રહેલ એવી વિરપુર જયોતીગ્રામ ફીડર ની હૈયાત એવા ૧૧ કેવી વીજલાઈન ના ખુલ્લા તાર – જે તેઓ શ્રી ના બગીચા ના વૃક્ષોને નડતરરૂપ હોવાના કારણોસર, બગીચામા અકસ્માત નો સતત ભય રહેતો હોવાના કારણોસર ની, અરજદાર શ્રી ની, – સદર વીજલાઈન ના થાંભલાઓ અન્ય સ્થળ પર ખસેડવા બાબતે ની, અથવા તો સદર વીરપુરવીજલાઈન ના ખુલ્લા તાર ને બદલે કેબલ નાખવા માટેની – અરજદાર શ્રી ની, અગાઉ ની પીજીવીસીએલ ની સબંધક એવી જુદી જુદી કચેરી મા, (૧) તા.૨૩–૦૬–૧૪ (૨) તા.૨૧–૦૮–૧૪ (૩) તા.૦૫–૦૨–૧૫ (૪) તા.૧૫–૧૦–૧૫ (૫) તા.૦૪–૦૧–૧૭ (૬) તા.૦૫–૦૧–૧૭ મા લેખીત રજુઆત અરજીઓ અને મૌખીક રજુઆતો પીજીવીસીએલ મા મળેલ છે. |
| ૨.૨ | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની, ફરીયાદી અરજદાર શ્રી ની રજુઆતો અને માંગણીઓ પરત્વે પીજીવીસીએલ પક્ષકાર તરફથી પુરતુ લક્ષ આપીને, પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી માંગરોળ તરફથી, તા.૧૦–૦૨–૧૭ ના રોજ, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા, સદર ૧૧ કેવી વીજલાઈન ની સ્થિતી ની સ્થળ ચકાસણી હાથ ધરાયેલ હતી. સદર વીજલાઈન ના તાર, જે નાળીયેરી ના વૃક્ષો ના પાંદડાઓને નડતરરૂપ હોવાનુ જણાતા, પીજીવીસીએલ તરફથી, તાકીદે જરૂરી એવી કાર્યવાહી ના ભાગરૂપ, હાલ તુરંત જ, '' સદર ૧૧ કેવી વીજલાઈન વીજતાર ને નડતરરૂપ એવા– નાળીયેરી ના પાંદડાઓ કાપી– તેમજ વીજતાર નુ જરૂરી સમારકામ '' તા.૧૦–૧૨–૧૬ ના રોજ, અરજદાર શ્રી ના |

| | |
|---|---|
| | પ્રતિનીધી ની હાજરી મા સંપન્ન કરવામા આવેલ છે. આમ થવાથી, હાલ તુરંતજ, સદર ૧૧ કેવી વીજલાઈન પર ના અકસ્માત ની સંભાવ્‌ના, મહદઅંશે નહીવત થયેલ છે. |
| **૨.૩** | આ ચકાસણી દરમ્યાન, સદર ૧૧ કેવી વીરપુર જેજીવાય ફીડર ની વીજલાઈન ને – હાલ ની જગ્યા પરથી ખસેડી અને બગીચા ની બહાર અન્ય સ્થળ પર ઉભી કરવાની બાબત – જે પીજીવીસીએલ કક્ષાએથી, તાંત્રીક રીતે શકય જણાયેલ ન હતી. જેથી, આ બાબત ની જાણકારી આપતો, અરજદાર શ્રી ને આ મુજબ ની વિગતો દર્શાવતો, પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી માંગરોળ તરફથી અરજદાર શ્રી ને – પ્રત્યુતર પત્ર નં.: ૧૧૧૫ તા.૧૪–૦૨–૧૭ થી અપાયેલ છે. |
| **૨.૪** | તેમ છતા, સદર ૧૧ કેવી વીરપુર જેજીવાય ફીડર ના ખુલ્લાતાર વાળી, કુલ ૦૫ થાંભલાઓના ગાળા વાળી વીજલાઈન – જે ફરીયાદી અરજદાર શ્રી ના બગીચા મા ભવિષ્ય મા નડતરરૂપ ન થાય, અને અકસ્માત ની સંભાવના બીલકુલ ન રહે – તે મુજબ ની અરજદાર શ્રી ની વારંવાર ની અરજીઓ મા કરાયેલ મુખ્ય રજુઆત અને માંગણી ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી માંગરોળ તરફથી – અરજદાર શ્રી ની સદર અરજીઓ મા કરાયેલ મુખ્ય માંગણી, જે પીજીવીસીએલ તરફથી ગ્રાહય રાખવામા આવેલ હતી. અને અરજદાર શ્રી ને તેમની આ મુજબ ની વિનંતી અને માંગણીના અનુસંધાને – અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ની – સવાલવાળી, ખુલ્લાતાર વાળી ૧૧ કેવી વીજલાઈન ના ૦૫ થાંભલાઓ ના આશરે ૦૪ ગાળાઓ – મા, ખુલ્લાતાર ની જગ્યાએ ૧૧ કેવી એબીકેબલ – લગાડવા બાબતે ના થતા ખર્ચ સબબ ના રૂ.૯૦,૬૨૦/– ના અરજદાર શ્રી ને અપાયેલ અંદાજપત્ર ની રકમ – જે અરજદાર શ્રી ની માંગણી અન્વયે – અરજદાર શ્રી પાસેથી વસુલવાની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન હોય – અરજદાર શ્રી ને આ મુજબ ની રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત નિયમાધીન હોવાની પણ, અરજદાર શ્રી ને જાણકારી આપવામા આવેલ છે. |
| **૨.૫** | વિશેષમા, સદર ૧૧ કેવી વીરપુર જેજીવાય ફીડર ની ખુલ્લાતાર વાળી વીજલાઈન ને, '' અગાઉ વર્ષ–૨૦૧૪–૧૫ ના બજેટ મા, કુલ ૧૯.૮ કીમી ની વીજલાઈન માથી, ૦૩ કીમી ની વીજલાઈન ને, એબી કેબલ હેઠળ તબ્દીલ કરાયેલ છે. બાકી ની ૧૬.૮કીમી ની વીજલાઈન ને, વર્ષ–૨૦૧૭–૧૮ દરમ્યાન ના સમયગાળા ના બજેટ મા – એબી કેબલ હેઠળ સમાવિષ્ટ કરવા માટે '' પીજીવીસીએલ ની સક્ષમ નિગમીત કચેરી સમક્ષ, દરખાસ્ત રજુ કરાયેલ છે. જેની મંજુરી મળ્યે, આ મુજબ ની '' ખુલ્લાતાર ને બદલે એબી કેબલ મા તબ્દીલી '' ની કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી, તે સમયે જરૂરી સર્વેક્ષણ, જે અરજદાર શ્રી ની જાણકારી હેઠળ હાથ ધરી અને સંપન્ન કરી, મંજુરી મેળવી, અને સદર કાર્યવાહી હાથ ધરવામા આવશે. તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપી શકાય. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી પુરતુ લક્ષ આપીને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે , સવાલવાળી ખુલ્લાતાર વાળી વીજલાઈન નુ, હાલ તુરંત જ, સમારકામ થવાથી, હાલ ના તબ્બકે, સદર ૧૧ કેવી વીજલાઈન પર ના અકસ્માત ની સંભાવના, મહદઅંશે નહીવત થયેલ છે. ફરીયાદી અરજદાર શ્રી ની, સદર વીજલાઈન ખસેડવા બાબતે ની માંગણી, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ ન હોવા બાબતે નો, અરજદાર શ્રી ને પીજીવીસીએલ પક્ષકાર તરફથી જે, લેખીત પ્રત્યુતરપત્ર અપાયેલ છે, તે યોગ્ય છે. |
| **૩.૨** | ફરીયાદી અરજદાર શ્રી એ, તેમની મુદદા નં. ૧.૧ મુજબ ની, વારંવાર ની લેખીત અરજીઓમા, પીજીવીસીએલ સમક્ષ કરેલ માંગણીના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર સવાલવાળી વીજલાઈન ખસેડવા સબબ ના ખર્ચ નુ, અરજદાર શ્રી ને જે, મુદદા નં. ૨.૪ મુજબ ની વિગતેનુ, જે અંદાજપત્ર અપાયેલ છે, તે બાબત પણ, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે. |

| | |
|---|---|
| **૩.૩** | ફરીયાદી અરજદાર શ્રી ની સવાલવાળી ૧૧ કેવી, વીરપુર જેજીવાય ફીડર ના વીજલાઈન ના ખુલ્લાતાર બદલાવી, અને નવો એબીકેબલ નાખવાની કામગીરી, જે પીજીવીસીએલ તરફથી, મુદદા નં.૨.૫ મુજબ ની વિગતે, અગાઉ વર્ષ–૨૦૧૪'–૧૫ ના બજેટરી પ્રોવીઝન હેઠળ, ૦૩ કીમી ની વીજલાઈન એબીકેબલ મા પરીવર્તીત થયેલ છે. જયારે, બાકી ની ૧૬.૮ કીમી એબી કેબલ હેઠળ, પરીવર્તીત થવા પાત્ર એવી સદર ફીડર ની વીજલાઈન, જે વર્ષ–૨૦૧૭–૧૮ દરમ્યાન ના સમયગાળા ના બજેટરી પ્રોવીઝન મા – એબી કેબલ હેઠળ સમાવિષ્ટ કરવા માટે '' પીજીવીસીએલ ની સક્ષમ નિગમીત કચેરી સમક્ષ, દરખાસ્ત રજુ કરાયેલ છે. જેની મંજુરી મળ્યે, આ ૧૧ કેવી વીરપુર જેજીવાય ફીડર ની ખુલ્લાતાર વાળી એવી બાકી રહેતી ૧૬.૮ કીમી ની વીજલાઈન, જે '' ખુલ્લાતાર ને બદલે એબી કેબલ મા તબ્દીલી '' ની કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી આવરી લઈ, અને જે અરજદાર શ્રી ની જાણકારી હેઠળ હાથ ધરી, મંજુરી મળ્યા બાદ, સંપન્ન કરવામા આવશે. સક્ષમ કચેરી તરફથી મંજુરી મળ્યા બાદ, સંભવિત અકસ્માત વાળા લોકેશન મા આવેલ સદર વીજલાઈન ના ખુલ્લાતાર બદલાવી અને એબીકેબલ નાખવા બાબતે, સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ને, આદેશ આપવા સાથે, તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪:** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતેની જાણકારી, જે અરજદાર શ્રી ને આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>**નોંધ**</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..